દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૧૪ એપ્રિલ, ૨૦૨૬

# ટ્રમ્પ અમેરિકાને 'નાટો'માંથી બહાર ખેંચી લેશે?

મધ્ય એશિયાના યુદ્ધ અને તનાવભર્યા સંજોગો વચ્ચે ઉત્તર એટલાન્ટિક વિસ્તારના દેશોના લશ્કરી ગઠબંધન નાટો સાથે પણ અમેરિકાને, ખરેખર તો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તનાવ ચાલી રહ્યો છે. ઇઝરાયેલ અને કેટલાક અખાતી દેશોના દબાણ હેઠળ ટ્રમ્પે ઇરાન પર યુદ્ધ લાદી તો દીધું પણ તેમાં તેઓ બરાબરના ફસાઇ ગયા તે પછી તેમણે નાટો દેશો સામે બખાળા કાઢવા માંડ્યા. બ્રિટન સહિતના નાટોના સભ્ય દેશો અમેરિકાની મદદે નહીં આવ્યા તે બાબતે ટ્રમ્પને દુ:ખ છે. તો નાટોના કેટલાક સભ્યોએ ટ્રમ્પને સ્પષ્ટ સંભળાવી દીધું કે તમે અમારી સાથે ચર્ચા કર્યા વિના આ યુદ્ધ શરૂ કર્યું હતું તેથી હવે અમારે આ યુદ્ધ સાથે કંઇ લાગતું વળગતું નથી. આ અમારી લડાઇ નથી. દેખીતી રીતે આ ટ્રમ્પને સખત નારાજ કરનારી બાબત હતી. આમ પણ ટ્રમ્પે ગ્રીનલેન્ડના મામલે દાદાગીરી કર્યા બાદ નાટોના કેટલાક સભ્ય દેશો સાથે તેમને તનાવ સર્જાયો હતો, હવે ઇરાન યુદ્ધે આ તનાવ ઓર વધારી દીધો છે. ટ્રમ્પે બુધવારે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રુટ સાથે બંધ બારણે બેઠક યોજી હતી. ઈરાન યુદ્ધને લઈને લશ્કરી ગઠબંધન સાથેની ટ્રમ્પની નારાજગી દૂર કરવાના હેતુથી આ ચર્ચા કરવામાં આવશે તેવી અપેક્ષા હતી, પરંતુ બેઠક બાદ ટ્રમ્પે ફરી એકવાર નાટો સામે પોતાની ફરિયાદ દોહરાવી હતી. ખાનગી બેઠક પહેલાં, ટ્રમ્પે એવો સંકેત આપ્યો હતો કે અમેરિકા આ ટ્રાન્સ-એટલાન્ટિક ગઠબંધન છોડવા પર વિચાર કરી શકે છે. ઈરાને જ્યારે હોર્મુઝની સામુદ્રધુની અસરકારક રીતે બંધ કરી દીધી ત્યારે નાટોના સભ્ય દેશોએ ટ્રમ્પની મદદ માટેની હાકલને નકારી કાઢી હતી.

વ્હાઇટ હાઉસે આ અંગે તાત્કાલિક કોઈ વધુ અપડેટ આપી નથી. આ રિપબ્લિકન અમેરિકન પ્રમુખના ભૂતકાળમાં રુટ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે મંગળવારે મોડી રાત્રે અમેરિકા અને ઈરાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સંમત થયા છે, જેમાં આ સામુદ્રધુની ફરીથી ખોલવાનો પણ સમાવેશ થાય છે. બુધવારે વહેલી સવારે વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે સ્વીકાર્યું હતું કે ટ્રમ્પે નાટો છોડવા અંગે ચર્ચા કરી હતી. લેવિટે કહ્યું, મને લાગે છે કે આ કંઈક એવું છે જેની પ્રમુખ થોડા કલાકોમાં સેક્રેટરી જનરલ રુટ સાથે ચર્ચા કરશે. જો કે આવી ચર્ચાની કોઇ વિગત બહાર આવી નહીં. બીજી બાજુ, અમેરિકી સંસદ ટ્રમ્પને અમેરિકાને નાટોમાંથી ખેંચી લેવાની મંજૂરી આપે કે કેમ? તે એક પ્રશ્ન છે. 2023માં અમેરિકી સંસદે એક કાયદો પસાર કર્યો હતો જે કોઈપણ અમેરિકી પ્રમુખને તેની મંજૂરી વિના નાટોમાંથી બહાર નીકળતા રોકે છે. ટ્રમ્પ લાંબા સમયથી નાટોના ટીકાકાર રહ્યા છે અને તેમના પ્રથમ કાર્યકાળમાં તેમણે સૂચવ્યું હતું કે તેમની પાસે ગઠબંધન છોડવાની પોતાની સત્તા છે. તેઓ આ માટે ખર્ચનો પ્રશ્ન પણ ઉપાડતા આવ્યા છે.

સોવિયેત યુનિયન દ્વારા પશ્ચિમી દેશોની સુરક્ષા સામે ઊભા થયેલા શીત યુદ્ધના જોખમનો સામનો કરવા માટે 1949માં આ ગઠબંધનની સ્થાપના કરવામાં આવી હતી. તેના 32 સભ્ય દેશો વચ્ચેના જોડાણનો મુખ્ય આધાર પરસ્પર સંરક્ષણ કરાર છે, જેમાં એક દેશ પરના હુમલાને તમામ પરનો હુમલો માનવામાં આવે છે. ન્યૂયોર્ક અને વોશિંગ્ટન પર 11 સપ્ટેમ્બરના હુમલા બાદ અમેરિકાને ટેકો આપવા માટે 2001માં માત્ર એક જ વાર આ જોગવાઈ સક્રિય કરવામાં આવી હતી. આમ છતાં, ટ્રમ્પે ઈરાન સાથેના તેમના 'સ્વૈચ્છિક યુદ્ધ' દરમિયાન ફરિયાદ કરી છે કે નાટોએ બતાવી દીધું છે કે તે અમેરિકા માટે ઉભું રહેશે નહીં. બુધવારે, તેઓ ડેનમાર્કના અર્ધ-સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ અંગે નાટોના વલણથી પણ ગુસ્સે દેખાયા હતા. ટ્રમ્પે આ વર્ષની શરૂઆતમાં ગ્રીનલેન્ડ પર અમેરિકાના નિયંત્રણ માટે દબાણ કર્યું હતું, પરંતુ રુટ સાથેની વાતચીત બાદ તેઓ પાછળ હટી ગયા હતા. ટ્રમ્પે બુધવારે પોસ્ટ કર્યું, ગ્રીનલેન્ડને યાદ રાખજો, તે બરફનો એક મોટો અને નબળી રીતે સંચાલિત ટુકડો છે!! અમેરિકી પ્રમુખને નાટોમાંથી બહાર નીકળતા રોકવા માટેનો જે કાયદો છે, તે અંગે ટ્રમ્પ વહીવટીતંત્ર તેને પડકારશે કે કેમ તે અસ્પષ્ટ છે. ટ્રમ્પની બેઠક પહેલા, કેન્ટુકીના રિપબ્લિકન સેનેટર મિચ મેકકોનેલે મંગળવારે રાત્રે ગઠબંધનના સમર્થનમાં એક નિવેદન બહાર પાડ્યું હતું. મેકકોનેલ, જે સંરક્ષણ ખર્ચની દેખરેખ રાખતી સમિતિના સભ્ય છે, તેમણે ટ્રમ્પને સ્પષ્ટ અને સુસંગત રહેવા વિનંતી કરી અને કહ્યું કે આપણા હિતોને જોખમમાં મૂકતા વિરોધીઓને રોકવાને બદલે સમાન હિત ધરાવતા સાથીઓ સાથે જૂની ફરિયાદો ઉખેળવામાં સમય પસાર કરવો એ અમેરિકાના હિતમાં નથી. ટ્રમ્પ સત્તામાં પાછા ફર્યા અને રશિયા સામેના યુદ્ધમાં યુક્રેન માટે અમેરિકી લશ્કરી સહાયમાં ઘટાડો કર્યો તથા સાથી દેશ ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડ કબજે કરવાની ધમકી આપી, તેનાથી છેલ્લા એક વર્ષમાં ગઠબંધન પહેલેથી જ ફફડાટમાં હતું. પરંતુ ફેબ્રુઆરીના અંતમાં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી ટ્રમ્પ દ્વારા નાટોની ટીકા તેજ બની હતી. હવે ટ્રમ્પ અમેરિકાને નાટોમાંથી ખેંચી લે છે કે કેમ? અને ખેંચી શકે છે કે કેમ? તે જોવાનું રહે છે.

## સંબંધની સફળતા માટે જરૂરી

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ દાદા અને દાદી સાથે ઘરનાં બધાં સભ્યો વાતો કરતાં બેઠાં હતાં અને વાતનો વિષય હતો દાદા દાદીની ૬૫ મી લગ્ન તિથિ કઈ રીતે ઉજવવી.બધાં નવા નવા વિચારો રજૂ કરી રહ્યાં હતાં ત્યારે જેન્ઝી ગણાતા પૌત્રે પૂછ્યું, ''દાદા દાદી, આટલાં બધાં વર્ષોનો લાંબો સંબંધ તમે આ સંબંધ ટકાવ્યો કઈ રીતે? ક્યારેય ઝઘડો ન થયો? ક્યારેય એકમેકથી કંટાળો ન આવ્યો?''

આવો પ્રશ્ન સાંભળી બધાં ચૂપ થઈ ગયાં. કોઈકના મનમાં થયું દાદા દાદીને માઠું ન લાગે તો સારું...ત્યાં તો દાદા હસ્યા અને બોલ્યા, ''દીકરા, સંબંધની રેશમ ગાંઠ ટકાવવા માટે શું જરૂરી છે ખબર છે?''

પૌત્રે કહ્યું, ''દાદા, અમુક બાબતો મળવી જોઈએ આવડત, પૈસા ,ઉંમર, ક્વોલિફિકેશન, શોખ આ બધું એકસરખું હોય તો સંબંધ લાંબો ટકે...'' દાદી હસ્યાં અને બોલ્યાં, ''એમ તો અમારે કોઈ બાબતમાં મેળ નથી. તારા દાદા વકીલ અને હું ચાર ચોપડી ભણેલી...તારા દાદા મારાથી ૧૨ વર્ષ મોટા ...દાદાને પુસ્તક વાંચવાનો શોખ અને મને ફિલ્મ જોવાનો... તેઓ અદાલતમાં કામ કરે અને હું ઘરમાં રસોઈ... પૈસા તો તેઓ જે આપે તે જ ...બોલ અમારે તો કોઈ વાતે મેળ નથી છતાં સંબંધ મજબૂત છે.''

દાદીની વાત સાંભળી બધાને હવે જાણવામાં રસ પડ્યો કે જો આમ કોઈ બાબતે મેળ ન હોય તો સંબંધ આટલો લાંબો કઈ રીતે ટક્યો હશે?

પૌત્રીએ પૂછ્યું, ''દાદી, તો પછી આટલા મજબૂત સંબંધનું રહસ્ય શું?''

દાદાએ કહ્યું, ''સૌથી જરૂરી છે 'સમજદારી' અને 'એક મેક પર વિશ્વાસ' અને એથી વધુ જરૂરી છે એક બીજાને આપેલા વચનને છેલ્લા શ્વાસ સુધી નિભાવવાની તૈયારી. તમારી ભાષમાં કહું તો 'અનકન્ડીશનલ કમીટમેન્ટ.'' દાદી બોલ્યાં, ''એકમેકને સમજી લઈને સાથ આપવાની તૈયારી હોવી સૌથી વધારે જરૂરી છે.કોઇ પણ વાત ન ગમે તો પણ સમજવાની અને સ્વીકારવાની તૈયારી હોવી જોઈએ.તારા દાદા પુસ્તક વાંચવામાં એવા ખોવાઈ જતા કે મને ભૂલી જાય તો હું રિસાઈ ન જાઉં કારણ મને ખબર હતી કે તેઓ દર મહિને પોતાને કંટાળો આવે કે સમય ન હોય છતાં મને ફિલ્મોનો શોખ છે એટલે ફિલ્મ જોવા આવે છે.આમ દરેક બાબતે એકમેકને સમજવાં અને જાળવવાં જરૂરી છે.''

દાદાએ કહ્યું, ''આ માત્ર મારા અને દાદીની સમજ અને સંબંધની વાત નથી. આ વાત દરેક સંબંધ પછી તે દોસ્તીનો હોય,પ્રેમનો હોય, લોહીનો હોય કે કામકાજી હોય, દરેક સંબંધની સફળતા માટે આવડત કે લાયકાત કે પૈસા કે શોખ એકસરખા હોવા જરૂરી નથી. સંબંધ લાંબા ટકાવવા માટે એકમેક સાથે સંબંધ નિભાવવાની અને જાળવવાની જવાબદારી અને સમજ હોવી જરૂરી છે.'' દાદા દાદીએ સુંદર સમજ આપી.

# જાહેર જીવનમાંથી ડરની રાજનીતિ બાજુ પર રાખીને બીજા પ્રશ્નો વિચારી શકાય

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

> ડરની રાજનીતિ અંગ્રેજો વખતથી ચાલી આવે છે. ભારતીય પ્રજાને નેતાઓ સતત ડરાવે છે અને અમે જ તમરા તારણ હાર છીએ, અમે નહીં હોઈએ તો તમારું શું થશે?

"જો તમે ભારતને સ્વતંત્ર કરશો તો ત્યાં પીંઢારા અને ચોર લુટારા શાસન પર ચડી બેસશે"- જ્યારે ભારત પર અંગ્રેજોનું શાસન હતું ત્યારે, બ્રિટનમાં કોઈ ભારતને સ્વતંત્ર કરવાનો મત રજૂ કરે તો બ્રિટનના વડપ્રધાન વિસ્ટન ચર્ચિલ આ વાત કરતા. મૂળમાં કહો કે ડરાવતા" ના હો. ભારતમાં અંગ્રેજો છે તો જ પ્રજા સુખી છે. આ લોકોને તો શાસન કરતા જ ક્યાં આવડે છે. આમને આઝાદી અપાય જ નહી".... વગેરે વગેરે. વળી ૧૯૩૫ પછી આંશિક સ્વતંત્રતા આપીને નેતાઓને ઠારવાનો પ્રયત્ન પણ થયો. થોડી થોડી સત્તા વહેચવાનો પ્રયત્ન પણ થયો, પણ પૂર્ણ સ્વરાજ્યની વાત આવે તો ડર બતાવવામાં આવે કે ના એવું ના કારાય....માટે જ ગાંધીજીએ પછી ૧૯૪૨માં "અંગ્રેજો ભારત છોડો'નો નારો આપવો પડ્યો. સ્પસ્ટ કહેવું પડ્યું કે તમે જાવ, અમારું જે થવું હશે તે થશે, પણ અંગ્રેજો તમે ભારત છોડો.

ડરની રાજનીતિ અંગ્રેજો વખતથી ચાલી આવે છે. ભારતીય પ્રજાને નેતાઓ સતત ડરાવે છે અને અમે જ તમરા તારણ હાર છીએ, અમે નહીં હોઈએ તો તમારું શું થશે? તે તમે કલ્પી નહીં શકો. આ મતલબની વાત વર્ષોથી ચાલી આવે છે. પહેલા અંગ્રેજો એ ડર બતાવ્યો કે અમે જતા રહીશું તો પીન્ધારા અને લુટારા આ દેશને લુટી ખાશે. અંગ્રેજો ગયા પછી આવી કોગ્રેસ. આઝાદી પછી થોડો સમય તો કોગ્રેસને કોઈ જાજી સ્પર્ધા હતી નહીં, પણ જેવો જનસંઘ મોટો થયો કે અંગ્રેજોની નીતિ આગળ ચાલી. જનસંઘ આવશે તો દેશના બિનસંપ્રદાઈક માળખાને નુકશાન પહોચશે. સામજિક આર્થિક ન્યાયને નુકશાન પહોચશે અને જનસંઘનું બી.જે.પી થયું. રામ મંદિરનો મુદ્દો ઊભો થયો કે રાજકીય સમરાંગણમાં બિન સાંપ્રદાઈક પરિબળો ભેગા થાવના નારા શરૂ થયા, સાથે સાથે "આતો શહરી સવર્ણોની પાર્ટી છે, જો ભાજપ સત્તામાં આવશે તો બિન સાંપ્રદાઈકતા ખત્મ થશે. સંસદમાં નેતાઓને બદલે ધર્મગુરુઓ બેસશે અને દેશ કાયદાથી ચાલવાને બદલે જાણે ધર્મગ્રંથોથી ચાલવા લાગશે"- તે મતલબની વાતો વહેતી થઈ. કહો કે એક ડર ફેલાવવામાં આવ્યો કે ભાજપ આવશે તો આમ થશે ભાજપ આવશે તો તેમ થશે.

વર્ષ ૨૦૧૪ માં બધાના અંદાજો ખોટા પાડી ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી. શ્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન થયા. લાગ્યું કે આ મોટું પરિવર્તન છે. હવે રાજનીતિના રંગ બદલાશે ડરની રાજનીતિ ખત્મ થશે પણ ના, ડર અને લાલચ, ચાબૂક અને ચોકલેટની રાજનીતિ ચાલુ જ રહી. એક તરફ વિકાસની ચોકલેટ બતાવવાની પણ સાથે જો અમે નહીં હોઈએ. અમે નહીં જીતીયે તો તમારું આવી બનશે તે ડર તો બતાવ્યા જ કરવાનો. જો ભાજપ નહીં જીતે તો પાકિસ્તાન ખુશ થશે, જો મોદી હારી જશે તો આતંકવાદીઓ કળા કેર વરતાવશે વગેરે વગેરે. બિહારમાં ચૂંટણી હતી ત્યારે જો એનડીએ હારી જશે અને તેજસ્વીનું મહા ગઠબંધન જીતશે તો જંગલ રાજ પાછુ આવશે (ગુજરાતમાં કર્ફ્યું ની જેમ ) ભાજપ હોય કે કોંગ્રેસ ,રાજ્યની ચુંટણી હોય કે કેન્દ્રની

ટુકમાં બધાજ પ્રજાને ડરાવી રહ્યા છે ..જો અમે નહી જીતીએ તો ના નામે, આજે અંગ્રેજો નથી ક્યાં આવ્યા પીન્ધારા. લુટારા? આજે કોંગ્રેસ નથી ક્યાં દેશની કોર્ટો ધર્મ ગ્રંથોથી ચાલવા માડી? સંસદમાં સાધુ સંતો. બાવાઓ આવી ગયા? એવું નથી કે દેશમાં બધું રૂડું રૂપાળું છે અને સારું જ છે પણ કોંગ્રેસ હોય કે ભાજપ દેશમાં જે કિયા થાય કે તેમાં પ્રજાનો નાનો મોટો ફાળો હોય છે સમાજના એક અગ્રણી વર્ગની મૂક સંમતી વગર તો સરકાર પણ અત્યાચાર નથી કરી શકાતી કોંગ્રેસ હતી ત્યારેય પાકિસ્તાન એક હદથી વધુ કિયા ઉકલી શક્યું નથી અને ભાજપ આવ્યા પછી પણ આતંકવાદની પ્રવૃત્તિમાં કોઈ મોટો ફેર પડ્યો નથી. ચૂંટણીમાં સત્તા બધાને જોઈએ જ છે અને તમે એ મેળવવવા બધા ઉપાયો અજમાવજો પણ મહેરબાની કરીને ડરવાની રાજનીતિ બંધ કરો આદેશમાં સરકારી બબુશાહોની તાનાશાહીને કારને, અંગેજોની પરંપરાઓ ચાલુ રહેવાને કારણે જે નુકશાન થયું છે. તેવું નુકશાન કોઈ રાજકીય પક્ષના શાસનકારને નથી થયું. આપડે આર્થિક પદ્ધતિમાં મિશ્ર અર્થતંત્ર અપનાવ્યું પણ ૧૯૯૧ સુધી સમાજવાદી સમજ રચનાના સરકારી આદેશો અને ૧૯૯૧ પછી મૂડીવાદીઓ પણ ગોઠે ચડે એવા અધિકારીઓ દ્વારા ચાલતા ખાનગીકરણથી જે નુકશાન પામ્યા છીએ તે તો કદાચ ચર્ચિલ ડરાવતા હતા તે પીન્ધારા લુટારા પણ ન કરી શકે તેવું નુકશાન છે માટે પ્લીઝ વિક્રમના આ નવા વર્ષે પ્રજાને ખરેખર અભયનું વરદાન આપો અને નક્કી કરો કે બીજી કોઈ પણ રાજનીતિ કરીશું પણ ડરાવીશું તો નહીં જ. જો પ્રજા જાગૃત હોય તો કોઈ મુખ્યમંત્રી ધારે તો પણ પ્રજાનું કેટલું અહિત કરી લે અને જો પ્રજા એજ એ જ ધ્યાન ન દેવું હોય તો કોઈ તેને બચાવી પણ શું શકવાનો?

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# હનુમાનજી એટલે સ્વયં હાસ્યદેવતા..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

> બીજા દેશો તો અમસ્તા જ ધુમાડા કાઢે કે, 'અમે ચંદ્ર પર ગયા ને મંગળ પર આંટો મારી આવ્યા..! ત્યારે અમારા દાદા તો બાલ્યાવસ્થામાં, લાખો વર્ષ પહેલાં આખો સુરજ ગળી ગયેલા

વાઈફનું ખેંચાણ પિયર બાજુ વધારે હોય, એ સ્વાભાવિક છે. એમ હાસ્યકારનું ખેંચાણ પણ હાસ્ય માટે હોય..! ન્યુટન ભલે જીવતા નથી,પણ ગુરુત્વાકર્ષણના નિયમ તો જીવતા છે ને..? રામાયણ સીરીયલમાં પણ સૌએ જોયું હશે કે, હસવા કે હસાવવા માટે, હનુમાનદાદાએ, બળજબરીથી ચહેરાને 'સેટ' કર્યો હોય એવું લાગતું નથી. એમના ચહેરા ઉપર આયાસ વગરનું નિર્દોષ હાસ્ય ફરકતું જ હોય. પછી ભલે એ લંકામાં હોય, ચિત્રકૂટમાં હોય કે અયોધ્યામાં..! સદૈવ હસતા દેવ એટલે હનુમાનદાદા..! ..? જ્યાં પણ તક મળી ત્યાં, કપીશ્વરે સૌને હસાવ્યા હશે, બાકી ફસાવ્યા નથી..! સંત તુલસીદાસે પણ હનુમાન ચાલીસાની શરૂઆતમાં જ "શ્રી ગુરુ ચરણ સરોજ રજ, નિજ મનુ મુકુરુ સુધારી." વર્ણવીને મુખડું સુધારવાનો ઉપાય બતાવેલો છે. છતાં લોકો ફેસિયલ વગર હસતા નથી. ભગવાને ફક્કડ ચહેરો આપ્યો હોય તો પણ, ચહેરા ઉપર હાસ્યનો દુકાળ દેખાય. મોંઢું બાફેલા અથાણા જેવું જ કાયમ હોય. એટલે હું હનુમાનજીને અંગત ભાવે હાસ્યનો દેવતા પણ માનું..! એ પણ દ્વૈતભાવ જ છે ને..?

અમને કેમ એવું ભણાવેલું કે, 'માણસનાં પૂર્વજો વાનર હતા' એની ખબર નહિ. એવું પણ ભણાવી શક્યા હોત કે, હનુમાનજી માણસોના પૂર્વજ હતા. કાળક્રમે પૂંછડું ઘસાઈ ગયું એમ, સમય જતાં ચહેરાનું રીનોવેશન પણ થયું હોય..! બાકી હાસ્યના માપદંડથી જોઈએ તો, હનુમાનજીમાં પણ હાસ્ય ફરકતું હતું. એટલે એ અમારા હાસ્યના દેવતા અને અમે એના સીધી લીટીના વારસદાર કહેવાઈએ..! હાસ્ય માનવીને વિનમ્રતા શીખવે છે. માતા સીતાજીએ અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ જેવી આઠ સિધ્ધિઓ વરદાનમાં આપેલી હોવા છતાં, કપીશ્વરને કોઈ અભિમાન નહિ. સદાય વિનમ્ર અને હસતા હસતા પેશ થાય..! આવા સિદ્ધ મહાત્માની ઓળખ હું હાસ્યના દેવતા તરીકે આપું છું.

એમનો જન્મ મહોત્સવ આવે તો સ્વાભાવિક છે કે, આપણા સ્વજનનો જન્મ મહોત્સવ આવ્યો હોય એટલો આનંદ થાય. આપણા પણ મુખડા મલકે..! એમને Happy birth day તો કહેવાય નહિ. કહેવા ગયા તો આપણો શિષ્ટાચાર લાજે ને એવું પણ નહિ કહેવાય કે, 'તુમ જીયો હજારો સાલ..!

કારણ તેઓ તો સાત ચિરંજીવી પૈકીના એક ચિરંજીવ છે. આપણી Birth day હોય તો પાર્ટી કરીએ, એમના જન્મોત્સવમાં તો ભંડારા કરવાના હોય. આપણા જન્મ દિને મીણબત્તી સળગાવીને હોલવીએ, એમના જન્મોત્સવમાં તો આરતીના દીપક પેટાવીએ. બાકી હોંશલાની જો વાત કરીએ તો, પગમાં ભલે લંકા ખદબદતી હોય, પણ સૌનો હોંશલો અંજનિ પહાડ ચઢવાનો જ હોય..! શું કહો છો રતનજી..!

ઘણાને થશે કે, આજે રમેશિયાએ ગમ્મત ગુલાલની ચેનલ ઉપરથી સીધો ધાર્મિક ચેનલ ઉપર કેમ ધબુકો માર્યો..? પેટ છૂટી વાત કરું તો, પ્રસંગ જોઈને ઠાઠ રાખવા પડે. જેવા જેવા તહેવારો આવે એ પ્રમાણે, બજારનો માલ ઉભરાય, એમ અમારે પણ તેવી દુકાન માંડવી પડે. ઉત્તરાયણ આવે એટલે પતંગ-ફીરકાથી બજાર ઉભરાય, હોળી આવે એટલે રંગ અને પીચકારીથી ઉભરાય અને દિવાળી આવે તો ફટાકડાથી ઉભરાય વગેરે વગેરે..! બજાર એવાં ઉભરાય કે, જગ્યા ના હોય તો, ફૂટપટ્ટી જેવો ફૂટપાથ પણ હરતો ફરતો 'મોલ' બની જાય. ફૂટપાથ ઉપર ગોઠવેલી મસમોટી રેંકડી સાથે ધનજીભાઈનું ધોતિયું ભેરવાઈને ફાટી જાય, તો પણ નો પ્રોબ્લેમ..! બધા પોતપોતાની મસ્તીમાં જ હોય..! આ તહેવારોની જાહેરાતો પણ ભારે કરે ભાઈ..! ડોકટરે ઘસીને મીઠાઈ ખાવા ના પાડેલી હોય છતાં પણ, 'ચંદી પડવા'માં બે-ચાર ઘારી તો ટેસથી ઉલાળી નાંખે..! બીજા દિવસે ભલે મીટર-તોડ સુગર આવે..! લોકો એને સુરતીથી ઓળખે છે..!

આ લેખનો કારસો પણ એવો જ છે. હનુમાનદાદાનો જન્મ મહોત્સવ આવ્યો ને મને પણ એમના પર લખવાની ખણ ઉપડી. કસ્સમથી કહું તો, હનુમાનદાદા મને ગમે બહુ. ગજ્જબના દેવતા છે દાદૂ..!

તેઓ એક પણ મોંઘા મૂલની ખાનગી શાળામાં ભણ્યા નથી, વિદેશની યુનિવર્સિટીમાં એડમિશન લીધું નથી, મોબાઈલને અડ્યા નથી, છતાં 'બુદ્ધિ હીન તનુ જાનીકે સમરો પવનકુમાર એવા કે, 'વગર વિઝાએ લંકા પ્રવેશ કરીને, આ પવનપુત્રે માતા સીતાજીને લંકામાંથી ખોળી કાઢેલાં. રાવણ જેવા રાવણને હંફાવવા, એ કોઈ સામાન્ય ડીગ્રી છે..?' બીજા દેશો તો અમસ્તા જ ધુમાડા કાઢે કે, 'અમે ચંદ્ર પર ગયા ને મંગળ પર આંટો મારી આવ્યા..! ત્યારે અમારા દાદા તો બાલ્યાવસ્થામાં, લાખો વર્ષ પહેલાં આખો સુરજ ગળી ગયેલા. અમને ટાઈ-શૂટમાં ફાંકા-ફોજદારી કરતાં નહિ આવડે એટલું જ, બાકી અમે તો ધોતિયામાં પણ ધમધમ કરીએ. કારણ કે, અમારા ઉપર ૩૩ કરોડ દેવી-દેવતાની છત્રછાયા છે, જેને અમે વસ્તી ગણતરીમાં તો લીધા જ નથી. એટલે ભારત મહાન છે. અમે ભણતા ત્યારે શિક્ષકોએ અમને માત્ર પલાખા અને કાળુડી કૂતરીને આવ્યાં ગલુડિયાંવાળી કવિતા જ મોંઢે કરાવેલી. બાકી, ૩૩ કરોડ દેવતાની નામાવલિ જો મોંઢે કરાવી હોત તો, એક જન્મ મહોત્સવથી બીજા જન્મ મહોત્સવ સુધીમાં પણ આ નામાવલિ પૂરી નહિ થાત..! પાડ માનો કે, ૩૩ કરોડ દેવી-દેવતાઓનાં શસ્ત્રોનું આપણે શક્તિપ્રદર્શન કરતા નથી. કારણ કે, અમે જીવો અને જીવવા દેવામાં માનીએ, કોઈનું તેલ કાઢવામાં નહિ..! શાંતિના અનુગ્રહી એવા કે, મગજમાં બરફની ફેક્ટરી રાખીને જ જીવીએ..! ઉછળ-કૂદ નહિ કરીએ..! એમાં અમારા હનુમાનજી દેવ એટલે, સાવ સીધા સાદા. માત્ર સિન્દુરનું સ્થાપન કરવાનું. રંગબેરંગી વસ્ત્રોના કોઈ ભપકા નહિ, તેલનો અભિષેક થાય તો કરવાનો, આંકડાનાં ફૂલની માળા ચઢાવવાની, હનુમાન ચાલીસાનું પઠન કરવાનું અને સમય હોય તો સુંદરકાંડ વાંચવાનું એટલે ભયો-ભયો..! કોઈ ઉપર કોઈ બળજબરી નહિ..! 'જય કપિશ તિહુ લોક ઉજાગર' બોલો, એટલે માણસ 'ચાર્જ' થઈ જાય..!. આવા શકિતશાળી દેવ એકલા હાથે લંકાને સળગાવીને આવેલા..! માતા સીતાજીને પણ આશ્ચર્ય થયેલું કે, આ વાનરમાં આવી શક્તિ આવી ક્યાંથી..? માતા સીતાજીએ પણ હનુમાનજીને પૂછેલું કે...

લંક જલાકે જલી ભી નહિ,
હનુમંત વિચિત્ર પૂંછ તુમ્હારી
એ કૌના જાદુ રાજેશ્વારાહૈ, તિ
પૂછતી મીથીલીશ દુલારી

બોલે કપિદેવ રાઘવ આગે
હૈ પીછે હૈ પૂંછ રહસ્ય ભારી
વાનરકો ભલા પૂછત કૌન હૈ
રામજીકી પીછે પૂંછ હમારી

હે.... અંજનેય મહાવીર..!

આપે તો લંકાનો રસ્તો GPRS વગર શોધેલો..! વગર વાહને સાત સમુદ્ર પાર કરેલા. હવે તો ડીજીટલ સુવિધાની એવી ભરમાર છે કે, માત્ર અંગુઠાથી મોબાઈલ સ્ક્રોલિંગ કરીએ એટલે આખું વિશ્વ ફરી લેવાય..! 'ફોરવર્ડ' બટન દબાવો એટલે 'ડેસ્ટીનેશન'આવી જાય. વચ્ચે કોઈ ઋષિના આશ્રમ આવે જ નહિ. આજે મંદિરમાં ઘંટારવ થાય છે, આરતી-પૂજન-અર્ચન-પ્રસાદ બધું જ થાય છે, પણ મંદિરના ભગવાન કરતાં, ભગતની ભીડ ઓછી હોય એવું પણ બને..! ગુજરાતના ૧૮૫૪૪ ગામો પૈકી (વધ-ઘટ લેવી દેવી) એક પણ એવું ગામ નથી કે, જ્યાં આપની દેરી કે મંદિર ના હોય..!

કદાચ આપના જેટલા તો ભગવાન શ્રીરામના પણ મંદિર ના હોય, એવો આપનો ભવ્ય પ્રભાવ છે દાદા..! આપના જન્મ મહોત્સવ ટાણે આપની જય હો...!

**લાસ્ટ બોલ**

**વિશ્વના પહેલા સ્પાઈડર-મેન એટલે હનુમાનજી..! વિશ્વની પહેલી સર્જરી ગણપતિજીબાપાની થયેલી..! અને વગર વિઝાએ પહેલો વિદેશ પ્રવાસ કરનાર એટલે, માતા સીતાજી..! તંઈઈઈઈ..?**

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## દેશની બેરોજગારી

દૈનિકના એક તાજેતરના સમાચાર અન્વયે દેશમાં 40 ટકા યુવા ગ્રેજ્યુએટ્સ પાસે નોકરી નથી. 25 થી 29 વર્ષના 20 ટકા ગ્રેજ્યુએટ્સ બેકાર છે. દેશમાં દર વર્ષે સરેરાશ 50 લાખ ગ્રેજ્યુએટ્સ ઉમેરાય છે. જેમાંથી માત્ર 28 લાખ જ ગ્રેજ્યુએટ્સ નોકરી મેળવી શકે છે. આજે કોન્ટ્રાક્ટવાળાં કર્મચારીઓ, હંગામી પગારવાળા કર્મચારીઓ, ગીગ વર્કસ (પાર્ટ ટાઈમ જોબવાળા) અને સ્ટાર્ટઅપવાળા કર્મચારીઓ કાર્યરત છે, જેના એક કારણમાં અસંતોષકારક લિન્કડ ઈન્સેન્ટીવ યોજનાને મંજૂરી અપાવે છે જેનો ઉદ્દેશ રોજગાર વધારવો અને કંપનીઓને વધુ નોકરી આપવા પ્રોત્સાહિત કરવાનો અભિનંદનને પાત્ર છે. એક રીપોર્ટ અન્વયે છેલ્લાં 7 વર્ષમાં 18 લાખ ઉદ્યોગો બંધ થયા છે. એ 54 લાખ લોકો બેરોજગાર થયેલ છે. જેમની પાસે રોજગારી છે તેમાંથી 78 ટકાની આવક મળીને 14 હજાર રૂપિયા પણ નથી અને તેનાથી જ પરિવારનું પાલન કરવાનું હોય છે. બેરોજગારી ઘટાડવા નવા ઉદ્યોગો સ્થાપવાનું સરળ બનાવવું જોઈએ અને જૂના ઉદ્યોગો બંધ ન થવા જોઈએ. દરેક પરિવારમાં એક રોજગારી ફરજીયાત અપાવવી જોઈએ તેવો સરકારે નિયમ કરવો જોઈએ.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## સાચો હીરો

સમાજમાં હંમેશા લગ્ન અને સંબંધોમાં 'હોદ્દા' અને 'હેસિયત'ને સૌથી ઉપર રાખવામાં આવે છે. જો પત્ની ઉચ્ચ ઓફિસર હોય, તો સમાજ એવી અપેક્ષા રાખે છે કે તેનો પતિ પણ કોઇ મોટો ઓફિસર કે બિઝનેસમેન હોય. આ માન્યતાનો છેદ ઉડાડતો એક સત્ય કિસ્સો છે. જે મુજબ એક સાધારણ પરિવારમાંથી આવતી યુવતીના નાની ઉંમરે લગ્ન પછી સંબંધ ન ટકતાં ડિવોર્સ થઇ ગયા. પોલીસ ઓફિસર બનવાના સપનામાં રાચતી આ યુવતીને સાથ આપનાર કોઇ ન હતું. આ કપરા સમયમાં તેની મુલાકાત નગરપાલિકામાં સફાઈ કામદાર એવા એક યુવક સાથે થઈ જેનો હોદ્દો ભલે નાનો હતો, પણ દિલ રાજા જેવું હતું. તેણે તેને અપનાવી અને કહ્યું, 'તારું સપનું એ મારું સપનું છે.' લગ્ન પછી પત્નીને ઘરકામમાં ન પરોવતાં, પોતે વહેલી સવારે ઉઠી રસ્તાઓ સાફ કરવા ગટર સાફ કરવા જતો. આવીને બધુ કામ ઘરનું પોતે જ કરી પત્નીને ભણવાની સગવડ કરી આપી. પોતાના પગારના પૈસા પત્નીના ચોપડાં વગેરે પાછળ ખર્ચતો. વર્ષોની મહેનત પછી પત્ની UPSC ની પરીક્ષા પાસ કરી IPS ઓફિસર બની ટ્રેનિંગ બાદ પહેલી વાર વર્દીમાં પોતાના શહેરમાં આવી ત્યારે સ્વગાત માટે ઊભેલા મોટા-મોટા નેતાઓ, ઓફિસરો વચ્ચે યુવતીની નજર ભીડને ચીરતી પાછળ ઊભેલા એ સાધારણ માણસને શોધતી તેની પાસે આવી, કે જે આજે પણ લઘરવઘર કપડાં પહેલ હાથમાં ઝાડુ સાથે હતો. વર્દીના રુઆબ અને પ્રોટોકોલને બાજુએ મૂકી તે જાહેરમાં પોતાના સફાઈ કામદાર પતિના પગે પડી. સાચા 'હીરો' હું નથી. મારો પતિ છે.'

**સુરત - કલ્પના બામણિયા**

## શાંતિ અને આધુનિક માણસ

માનવસર્જીત અત્યંત આધુનિક ટેકનોલોજીને લઈને જે અશાંતિએ પોતાનું અવ્યવહારુ સ્વરૂપ બતાવતા શાંતિની શોધમાં નીકળેલો આજનો આધુનિક માણસ. આજે આપણે હાથે કરીને દુ:ખી થઈ રહ્યાં છીએ તેનું મૂળ તત્ત્વ એ છે કે આપણે કુદરતસર્જીત જે ચીજવસ્તુઓ બનાવી છે, તેનામાં આપણી આધુનિક બુદ્ધિ થકી નિતનવા પ્રયોગો કરતા રહી, અસલ જીવનનું ધ્યેય, જીવનમાંથી મળતી શાંતિ, દરેક ધર્મના ગ્રંથોનું અધ્યયન, મનન, ચિંતન, ગહન અને મનનનું જ્ઞાન આ બધું આપણને જીવન દરમ્યાન શાંતિ આપનાર કુદરત સામે અયોગ્ય નુસખાઓ થકી જે શાંતિ શોધવા નીકળેલો માણસ વિકટ પરિસ્થિતિમાં મુકાયલો જોવા મળી રહ્યો છે. આજના આ સમયમાં આપણે મિનિટે મિનિટે, કલાકે કલાકે કોઈક ને કોઈક રીતે માનસિક તનાવ, આર્થિક પરિસ્થિતિની સાથે ભીંસ, ભવિષ્યની ચિંતા, બેકારી, માનસિક તાણ વિગેરેને લઈને ગભરાતો માણસ ઘરમાં હોઈ, સામાજિક પ્રસંગોમાં હોઈ, કામ પર હોઈ તે તનાવ અનુભવતો જોવા મળી રહ્યો છે. આજે આપણે દુ:ખી હોવાનું મુખ્ય પરિબળ આપણી જરૂરિયાત કરતાં મહત્ત્વાકાંક્ષાને વધુ મહત્ત્વ આપી રહ્યાં છીએ.

**સેગવા -સલીમ પટેલ**

## નર્મદાની ઉત્તરવાહિની પરિક્રમા

ભારતની સૌથી પવિત્ર નદી ગંગામાં સ્નાન કરવાથી પાપમુક્ત થવાય છે એવી રીતે યમનોત્રી ધામમાં યમુનાના પાનથી વ્યક્તિની પુણ્ય રાશિ વધે છે. છતાં બંને નદીઓમાં પરિક્રમાનો કોઈ ઉપક્રમ નથી પરંતુ માત્ર નર્મદા નદીની જો વાત કરીએ તો સ્કંધ પુરાણમાં રેવા ખંડનો એક શ્લોક. 'નર્મદા સરિતા શ્રેષ્ઠતા શિવતત્ત્વ સમન્વિતામ્ શિવસ્મરણ પ્રાપ્તયે, સર્વ પાપવિનાશિની.' અર્થાત્ નર્મદા શ્રેષ્ઠ નદી છે, જે શિવસ્મરણ કરાવે છે. શંભુનાથ સ્મરણ માત્રથી સર્વ પાપનો વિનાશ થાય છે. આથી લોકો નર્મદાની 21 kmની પરિક્રમા કરે છે. દર ચૈત્ર મહિનામાં મા નર્મદાની ઉત્તરવહીની પરિક્રમા શરૂ થાય છે, જે તિલકવાડા અથવા રામપુરાથી શરૂ થાય છે. પરિક્રમા દરમિયાન અનેક નાનાં મોટાં પ્રાચીન અર્વાચીન મંદિરો, આશ્રમો અને સિદ્ધ સ્થળો આવે છે, જ્યાં ભક્ત દર્શન કરી પાવન થાય છે. મોટા ભાગની નદીઓનું વહેણ ઉત્તરથી દક્ષિણ અથવા પશ્ચિમથી પૂર્વ તરફનું છે. એક માત્ર રેવા નદી પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. એ વહેણમાં નર્મદા રાજપીપળા જિલ્લાના 9 કિલોમીટરના વિસ્તારમાં પોતાની દિશા છોડીને ઉત્તર તરફ વહેવા લાગે છે. વૈદિક પરંપરામાં ઉત્તર દિશા મોક્ષની દિશા છે. આથી ઉત્તરવાહિની પરિક્રમા અને મોક્ષ, મુક્તિદાતા પરિક્રમા ગણાય છે. ચૈત્ર મહિનામાં થતી આ યાત્રાના થોડા દિવસો બાકી છે તો આ પરિક્રમા કરો.

**સુરત - યોગેન્દ્ર પટેલ**

## આપત્તિગ્રસ્ત સંપ્રભુતા

દેશમાં જ્યારે આઠ દાયકામાં પાંગરેલી લોકશાહી હોય, આદર્શ સંવિધાન હોય, રાષ્ટ્ર તરીકેની પ્રતિષ્ઠા સમસ્ત વિશ્વમાં હોય ત્યારે શાસકોએ રાષ્ટ્રની સંપ્રભુતા કે સાર્વભૌમત્વનું સંપૂર્ણપણે રક્ષણ કરવાની ફરજ બની રહે છે. હવે કોઈની ગુલામી, કોઇ પણ પ્રકારે દેશ પર છવાઈ શકે નહીં. રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રાભિમાનને ક્ષતિ પહોંચે તેવી કોઇ પણ પ્રકારની હરકત ચલાવી લેવાય નહીં. જનસાધારણનાં નાગરિકોના મતદાનથી નિયત સમય મર્યાદા માટે ચૂંટાયેલાં સત્તાધીશોએ હકીકતની વિરુધ્ધ થતી ગતિવિધિ ફગાવી દેવી જોઈએ. નહીંતર દેશદ્રોહ નોંધાઈ શકે.

વિશ્વમાં મહાસત્તાઓ જ્યારે ભારતની સંપ્રભુતા વિરુધ્ધ આચરણ કરે ત્યારે તેનો વીરોચિત પ્રતિકાર પણ સત્તાધીશો દ્વારા થવો જોઈએ. ભારતના અતિથિ કે તેના કાફલા પર ચાંચિયાગીરી સમાન આક્રમણ કરી તબાહી મચાવવી એ ભારતનું ઘોર અપમાન બની જાય છે. રાષ્ટ્રના વહીવટ કે સંચાલનની નીતિઓ પર અન્ય દેશ દ્વારા આદેશ આપે, ભારતની સીમાઓ પર ઉલ્લંઘન કરે ત્યારે સંપ્રભુતા થવાય છે અને શાસકોની અક્ષમ્ય ભૂલો વિરુધ્ધ પ્રજાકીય વિરોધ પ્રગટ થાય છે. આઠ દાયકામાં પહેલી વાર આટલી હદે સંપ્રભુતાનું હનન થવા માંડ્યું છે. ભારત શાંતિપ્રિય દેશ હોવાથી યુધ્ધખોર નીતિ અપનાવતું નથી પણ તેની સાથે જ તેની સંપ્રભુતા કે સાર્વભૌમત્વ અંગે કોઈ બાંધછોડ ન કરી શકાય.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**